## (1) ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ (વૈશ્વિક ભૂખ સૂચકાંક), 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) વર્ષ 2020ની આ ઈન્ડેક્ષમાં ભારતનો ક્રમ 94મો રહયો છે.
(2) આ ઈન્ડેક્ષમાં ભારતનો ક્રમ પાકિસ્તાન અને બાંગ્લાદેશ કરતાં પણ પાછળ છે.
(3) આ ઈન્ડેક્ષ કન્સર્ન વર્લ્ડવાઈડ નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવે છે.
(4) વૈશ્વિક સ્તેર વર્ષ 2000ની સાપેક્ષે વર્ષ 2020માં ભૂખની પરિસ્થિતિમાં ઘટાડો નોંધાયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ વર્ષ 2020ના ગ્લોબલ હંગર ઈન્ડેક્ષમાં ભારતનો ક્રમ કુલ 107 દેશોમાંથી 94મો રહયો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારત નેપાળ (73મો), પાકિસ્તાન (88મો), બાંગ્લાદેશ (75મો) અને ઈન્ડોનેશિયા (70મો) કરતાં પણ પાછળ રહયું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઈન્ડેક્ષ કન્સર્ન વર્લ્ડવાઈડ અને વેલથંગર હિલ્ફે (Welthungerhilfe) નામની સંસ્થાઓ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અંતર્ગત 4 વિવિધ માપદંડોના આધારે 0 થી 100ના ગુણ આપવામાં આવે છે. 0 ગુણ ઉત્તમ પરિસ્થિતિ (શૂન્ય ભૂખ) દર્શાવે છે.

⇛ વૈશ્વિક સ્તરે વર્ષ 2000માં આ ઈન્ડેક્ષ મુજબ 28.2 ગુણ હતાં જ્યારે વર્ષ 2020માં તે 18.2 થયાં છે. આથી, ભૂખની પરિસ્થિતિમાં સુધારો થયેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'બેન્ડીંગ ધ કર્વ' નામના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટ IMF અને સંયુકત રાષ્ટ્ર ખાદ્ય સમિતિ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) આ રિપોર્ટમાં વિવિધ દેશોની ખોરાક ઉપભોગની પેટર્ન વિશે ચર્ચા કરવામાં આવી છે.

(3) રિપોર્ટમાં ભારતને ફળ, શાકભાજી અને ડેરી આધારીત ખોરાક વધારવાની ભલામણ કરવામાં આવી છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (2) (D) આપેલ તમામ

⇒ જવાબ :- B

**સમજૂતી :**

⇒ તાજેતરમાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) દ્વારા 'બેન્ડીંગ ધ કર્વ : ધ રીસ્ટોરેટીવ પાવર ઓફ પ્લાન્ટ–બેઝ્ડ ડાઈએટ્સ' નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ રિપોર્ટમાં 147 દેશોની ખોરાક ઉપભોગનની પેટર્ન વિશે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત ખોરાકની પર્યાવરણીય તથા આરોગ્ય પરની અસરો વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ સામાન્ય રીતે, કુપોષણ અને મેદસ્વીતા લગભગ દરેક દેશને અસર કરે છે પરંતુ ગરીબ દેશોમાં ઓછાં–વજન ધરાવતાં લોકોનું પ્રમાણ અન્ય દેશો કરતાં 10 ગણુ વધુ છે જ્યારે મેદસ્વી લોકોનું પ્રમાણ ધનીક દેશોમાં 5 ગણુ વધુ છે.

⇒ ભારતે જૈવવિવિધતામાં થતાં ઘટાડાંને ધ્યાનમાં રાખીને પોતાની ખોરાકની પેટર્ન બદલવામાં સાવચેત રહેવું પડશે.

⇒ ભારતને પોષકતત્ત્વોની જરૂરિયાતો પૂરી કરવા માટે સૌપ્રથમ ફળ, શાકભાજી અને ડેરી આધારીત ખોરાક ગ્રહણ કરવાની ભલામણ કરવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) વિશ્વ ખોરાક દિવસ (વર્લ્ડ ફુડ ડે) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ FAOની સ્થાપના દીન નિમિતે ઉજવવામાં આવે છે.

(2) ભારતે આ દિવસ નિમિતે 500 રૂ.નો એક સ્મારક સિક્કો પ્રસિદ્ધ કરેલો છે.

(3) વર્ષ 2020 માટે આ દિવસની થીમ 'ઝીરો હંગર' છે.

(4) ટકાઉ વિકાસ લક્ષ્ય-2 (SDG 2) પણ ઝીરો હંગર સાથે સંબંધ ધરાવે છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)   (D) માત્ર (3)

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ સંયુકત રાષ્ટ્રની ખાદ્ય અને કૃષિ સંસ્થા (FAO)ના સ્થાપના દિવસની યાદમાં દર વર્ષે 16 ઓકટોબરને વિશ્વ ખોરાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ FAOની સ્થાપના 16 ઓકટોબર, 1945ના રોજ થઈ હતી.

⇒ FAOની આ 75મી વર્ષગાંઠ હોવાથી ભારતના વડાપ્રધાને 75 રૂ.નો એક સ્મારક સિક્કો પ્રસિદ્ધ કરેલો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ વર્ષે આ દિવસની થીમ "Grow, Nourish, Sustain Together' છે. (આથી, વિધાન ૮ઘ૯ ખોટું છે.)

⇒ ટકાઉ વિકાસ લક્ષ્ય 2 મુજબ, વર્ષ 2030 સુધીમાં ઝીરો હંગર મેળવવાનું લક્ષ્ય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) નાઈટ્રસ ઓક્સાઈડ ($N_2O$)ના ઉત્સર્જન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) એક રિસર્ચ પેપર મુજબ, 1980થી 2016 દરમિયાન માનવો દ્વારા થતાં $N_2O$ ઉતસર્જનમાં 30%નો વધારો થયો છે.

(2) આ રિસર્ચ ઈન્ટરનેશનલ નાઈટ્રોજન ઈનિશિએટીવ (INI) દ્વારા કરવામાં આવેલી છે.

(3) $N_2O$ એ $CO_2$ કરતાં 100 ગણો વધુ શકિતશાળી ગ્રીનહાઉસ ગેસ છે.

(4) $N_2O$ વાતાવરણમાં 100 વર્ષ કરતાં પણ વધુ સમય માટે રહી શકે છે.

(A) માત્ર (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ ઈન્ટરનેશનલ નાઈટ્રોજન ઈનિશિએટીવ (INI) અને ગ્લોબલ કાર્બન પ્રોજેકટ ઓફ ફયુચર અર્થ નામની સંસ્થાઓએ સાથે મળીને એક સંશોધન કરેલું છે. આ સંશોધન મુજબ, 1986થી 2016 દરમિયાન માનવો દ્વારા થતાં $N_2O$ના ઉત્સર્જનમાં 30%નો વધારો જોવા મળ્યો છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ $N_2O$ એ એક ગ્રીનહાઉસ ગેસ છે જે $CO_2$ કરતાં 300 ગણો વધુ શકિતશાળી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ ગ્લોબલ વોર્મીંગમાં કાર્બન ડાયોકસાઈડ અને મીથેન બાદ સૌથી વધુ સંકેન્દ્રણની બાબતમાં તે ત્રીજા ક્રમે છે.

⇒ $N_2O$ વાતાવરણમાં 125 વર્ષો સુધી રહી શકે છે. આ કારણે તે ઓઝોનના સ્તર માટે પણ ખતરારૂપ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) નેશનલ સિક્યુરીટી ગાર્ડ (NSG) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) 1984ની પંજાબની અશાંતિ બાદ NSGની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

(2) તે એક પ્રકારની 'એન્ટિ–ટેરરીસ્ટ ફોર્સ' છે.

(3) તેને અનઔપચારિક રીતે 'બ્લેક કેટ્સ' પણ કહે છે.

(4) આ ફોર્સમાં રાજ્ય પોલિસના અધિકારી પણ સમાવિષ્ટ થઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 16 ઓકટોબરના રોજ NSG રેઈઝીંગ ડે ઉજવવામાં આવ્યો હતો.

⇛ 1984ની પંજાબની અશાંતિ બાદ એક આતંકવાદ વિરોધી સેના બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે નેશનલ સિક્યુરીટી ગાર્ડ એક્ટ, 1986 હેઠળ NSGની રચના કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે એક પ્રકારની એન્ટિ–ટેરરીસ્ટ ફોર્સ છે. મુંબઈના આતંકવાદી હુમલા (26/11) દરમિયાન તેમની ભૂમિકા મહત્ત્વની હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સેનાના 2 ભાગ છે :

- સ્પેશિયલ સેક્શન ગ્રુપ (SAG) : તેમાં આર્મીના જવાનો હોય છે.
- સ્પેશિયલ રેંજર્સ ગ્રુપ (SRG) : તેમાં રાજ્ય પોલિસના અધિકારીઓ અને CAPFના જવાનો હોય છે.

  (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT